ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. **૧૦-૦૪-૨૦૨૨**

- **જાતિ આધારીત વસ્તી ગણતરી ભાજપ સરકાર કેમ જાહેર નથી કરતી ?**
- **સરકારી કંપનીઓ-સંસ્થાઓનું ખાનગીકરણ કરી ભાજપ – આર.એસ.એસ. અનામત પ્રથાને ખતમ કરવાનું કાવતરુ**
- **દેશમાં ઓ.બી.સી. સહિતના વર્ગો માટે વસ્તી પ્રમાણે ભાજપ સરકાર બજેટની ફાળવણી કરે**
- **ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટ ચાર ઝોનમાં સંમેલન યોજશે.**

ઓ.બી.સી. સહિતના વર્ગોને મળવા પાત્ર સહાય, યોજનાના બજેટમાં કાપ મુકતી કેન્દ્રની ભાજપ સરકાર ઓ.બી.સી. સહિતના વર્ગોને અન્યાય કરી રહી છે તેવો આક્ષેપ કરતા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના રાષ્ટ્રીય અધ્યક્ષ અને હરિયાણા સરકારના પૂર્વ વરિષ્ઠ મંત્રીશ્રી કેપ્ટન અજયસિંઘ યાદવે જણાવ્યું હતું કે, દેશના ૮૫ ટકા ઓ.બી.સી. સહિતના સામાન્ય મધ્યમ વર્ગ માટેની કલ્યાણકારી યોજના પાછળ માત્ર ૨૫ ટકા બજેટ વાપરવાની જાહેરાતો થાય છે. ભાજપ સરકાર જાતિ આધારીત વસ્તી ગણતરી કેમ જાહેર નથી કરતી ? કોંગ્રેસના શાસન દરમિયાન વર્ષ ૧૯૯૧ માં મંડલ કમીશન લાગુ કરવામાં આવ્યું હતું જેનાથી દેશના ઓ.બી.સી. સમાજ સહિતના અન્ય વર્ગના લોકોને ફાયદો થયો હતો. બંધારણમાં આપવામાં આવેલા આરક્ષણને ખાનગીકરણના નામે ખતમ કરવામાં આવી રહ્યું છે. વર્ગ ૩-૪ ના કર્મચારીઓના સંતાનોને પણ આરક્ષણના લાભો મળતા નથી મધ્યપ્રદેશ-મહારાષ્ટ્રમાં પંચાયતી રાજમાંથી ઓ.બી.સી. આરક્ષણ સમાપ્ત કરી દેવામાં આવ્યુ છે.  સરકારી ક્ષેત્રોમાં ખાનગીકરણ કરી આરક્ષણ હટાવવાનો ભાજપ સરકાર પ્રયત્ન કરી રહી છે. એલ.આઈ.સી., રેલ્વે, ઓ.એન.જી.સી., રાષ્ટ્રીય બેંકો વગેરે નફો કરતી સરકારી કંપનીઓ-સંસ્થાઓનું ખાનગીકરણ કરી ભાજપ – આર.એસ.એસ. અનામત પ્રથાને ખતમ કરવાનું કાવતરુ કરી રહી છે. ખાનગીકરણથી માત્ર પોતાના મળતિયા મિત્રોને ભાજપ સરકાર ફાયદો કરાવી રહી છે.

આજરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન ખાતે ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટની વિસ્તૃત કારોબારીમાં સમગ્ર રાજ્યમાંથી આવેલા પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરોને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, આરોગ્ય, શિક્ષણ, મોંઘવારી, રોજગાર ને બદલે ભાજપ માત્ર ધાર્મિક ભાવનાઓ ઉશ્કેરી મૂળભૂત મુદ્દાઓથી ધ્યાન ભટકાવી રહી છે. પછાત-શોષિત વર્ગને યોગ્ય શિક્ષણ આરોગ્ય સુવિધાઓ મળતી નથી આ માટે બનાવવામાં આવેલું નિગમને પણ પુરતું ફંડ આપવામાં આવતું નથી જેના પગલે યોજનાઓનું યોગ્ય

અમલીકરણ અને છેવાડાના નાગરિકોને લાભ મળતો નથી. કરોડો રૂપિયા ઉત્સવો-તાયફા, વિમાન ખરીદવા પાછળ વપરાય છે પરંતુ તેટલા રૂપિયા ગરીબ-સામાન્ય નાગરિકોને સારી શિક્ષા, આરોગ્ય વ્યવસ્થા પાછળ ખર્ચવા જોઈએ. બંધારણમાં આપેલા આરક્ષણનો યોગ્ય અમલ સરકારી સંસ્થાઓનું વિકાસના નામે ખાનગીકરણ બંધ કરે, દેશમાં ઓ.બી.સી. સહિતના વર્ગો માટે વસ્તી પ્રમાણે ભાજપ સરકાર બજેટની ફાળવણી કરે. તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

હરિયાણા સરકારના પૂર્વ વરિષ્ઠ મંત્રીશ્રી કેપ્ટન અજયસિંઘ યાદવની વિશેષ ઉપસ્થિતીમાં વિસ્તૃત કારોબારી રાજીવ ગાંધી ભવન ખાતે યોજાઈ હતી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રી ઘનશ્યામ ગઢવીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઓ.બી.સી., એસ.સી., એસ.ટી. વિરોધી ભાજપ સરકારની નીતિઓ વિરુદ્ધ ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટ ચાર ઝોનમાં સંમેલન યોજશે. ગુજરાતમાં ઓબીસીની વસ્તીના પ્રમાણમાં બજેટની ફાળવણી કરવા બાબત, હાલમાં ગુજરાત વિધાનસભામાં પાસ કરેલા ઢોર નિયંત્રણ કાયદો રદ કરવો, ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાંથી 5612 પ્રાથમિક શાળાઓ બંધ કરવાનો નિર્ણય તાત્કાલિક રદ કરવો અને દરેકની શિક્ષણનો અધિકાર મળે તે માટે તાત્કાલિક કાયદાનો અમલ કરવામાં આવે, ગુજરાત રાજ્યના સમાજ માટે બોર્ડ નિગમની રચના કરવી. તેવો ઠરાવ સર્વસંમત્તિથી પાસ કરવામાં આવ્યો હતો. અમદાવાદ ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રી ઘનશ્યામ ગઢવી, ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના નેશનલ કો-ઓર્ડીનેટર શ્રી સૈનીજી, ગુજરાત કોંગ્રેસના ઉપપ્રમુખશ્રી ભીખુભાઈ વારોતરીયા, ધારાસભ્યશ્રી રાજેશ ગોહેલ, પૂર્વ મંત્રીશ્રી ભીખાભાઈ રબારી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના એસ.સી. ડીપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રી હિતેન્દ્ર પીઠડીયા, શ્રી સંગ્રામભાઈ ભરવાડ, અમદાવાદ કોંગ્રેસ ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રી જયસિંહ રાઠોડ સહિતના કાર્યકરો – આગેવાનો હાજર રહ્યાં હતાં.

(ડૉ. મનિષ દોશી)
મુખ્ય પ્રવકતા